# વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી,

ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર-૬ બીજો-ત્રીજો માળ
જુના સચિવાલય ગાંધીનગર Email-cot.jdt@gmail.comફોન.૫૧૩૬૩,૫૧૩૬૫

નં.એમવીએ/વીમો/ગેરરીતી/ઓન/ 552 તારીખ: /૦૧/૨૦૧૯
29 JAN 2019

પ્રતિ,
સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી,
તમામ.

વિષય: વાહનના ડીલરો દ્વારા તેઓ પાસે જ ફરજીયાત વીમો ઉતારવાની દુરાગ્રહ રાખવાની ગેરરીતી અટકાવવા બાબત.

અનુ: માન.અગ્ર સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: એમવીડી/૧૦૨૦૧૮/૨૫૧૮/ખ, તા.૦૭/૦૧/૨૦૧૯નો પત્ર.

ઉક્ત વિષય તથા અનુસંધાને જણાવવાનુ કે, જાહેર જનતા જ્યારે નવુ વાહન ખરીદે છે તે સમયે સંબંધિત વાહનના ડિલર દ્વારા તેઓને તેમના શો રૂમ પરથી જ વાહનનો વીમો ઉતરાવવાનો આગ્રહ રખાય છે અને વાહન ખરીદનારની પસંદગીની વીમા કંપની પાસેથી વીમો લેવા દેવામાં આવતો નથી જે યોગ્ય નથી. મોટર વાહન અધિનિયમ મુજબ જાહેર જનતા જ્યારે નવુ વાહન ખરીદે તે સમયે વાહનના થનાર માલિક પોતાની રીતે તેઓની પસંદગીની વીમા કંપની પાસેથી વીમો મેળવી શકે છે. વાહનના ડિલર પાસેથી વીમો લેવો ફરજિયાત નથી.

આથી ઉપરોક્ત સુચનાની જાણ તમામ ડીલરોને કરવા તેમજ તેનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

<u>નોંધ પર માન. કમિશનરશ્રીના આદેશ અનુસાર.</u>

ખાસ ફરજ પરના અધિકારી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નકલ સવિનય રવાના: માન.અગ્ર સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં.૨, બીજો માળ, સચિવાલય, ગાંધીનગરને ઉપરોક્ત પત્રના સંદર્ભે જાણ સારૂ.

# અખબારી યાદી.

આથી વાહનવ્યવહાર કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા જણાવવામાં આવે છે કે, જયારે કોઇ વ્યકિત કોઇપણ પ્રકારનું નવું વાહન ખરીદે અથવા ખરીદેલું વાહન રીન્યુ કરાવવાનું થાય ત્યારે વીમો લેવો મોટર વાહન કાયદા હેઠળ લેવો ફરજીયાત છે. વાહન માલિક તરીકે વાહન માલિક ગ્રાહક વીમો લેવા માટે સ્વતંત્ર છે. વાહનના ડીલર વાહન માલિક પાસે અમુક જ કંપનીનો વીમો લેવાનો આગ્રહ રાખી શકે નહીં.

આથી આ બાબતે જાહેર જનતાને જાગૃત કરાવતાં વાહનવ્યવહાર કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર જણાવે છે કે મોટર વાહન અધિનિયમ મુજબ જ જાહેર જનતા જયારે નવું વાહન ખરીદે તે સમયે વાહન થનાર માલિક પોતાની રીતે, પોતાની પસંદગીની વીમા કંપની પાસેથી વીમો મેળવી શકે છે. ડીલર પાસેથી વીમો લેવાનું આગ્રહ રાખવાનું ડીલરનું કૃત્ય ગેરકાયદેસર છે અને તેની સામે યોગ્ય કાયદા અન્વયે પગલાં લેવાનું વાહન ખરીદનારનો હકક છે.

જેની જાહેર જનતાએ નોંધ લેવી.